

શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે શિવમંદિરોમાં ભક્તોની ભીડ જેટલી નોંધપાત્ર રહી હતી એટલી જ નોંધપાત્ર રહી હતી મંદિરોની આકર્ષણ વ્યવસ્થા. સૅક્ટર-૪ના ઓમકારેશ્વર મંદિર ખાતે બરફનું શિવલીંગ બનાવાયું હતું તો સૅક્ટર-૨ના ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિરે મહા આરતીનું આયોજન થયું હતું.

### શ્રાવણીયા સોમવાર અને એકાદશીનો સુયોગ

# જિલ્લામાં ભકિતનું ઘોડાપૂર શિવાલયો શિવભકતોથી ઊભરાયાં

ગાંધીનગર, તા.૧૨

આજે શ્રાવણ માસનો અંતિમ સોમવાર અને એકાદશીનો સુયોગ થયો હોવાથી વહેલી સવારથી જ મંદિરોમાં ભારે ભીડ જોવા મળતી હતી.

છેલ્લો સોમવાર હોવાથી જિલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં આજે લોકમેળાઓ પણ યોજાયા હતા. ઓમ્ નમઃ શિવાયના નાદોથી શિવાલયો ગુંજી ઉઠયા હતા.

જિલ્લામાં (શ્રાવણના છેલ્લા દિવસોમાં જ વરસાદી માહોલ જામતાં લોકોએ ભીંજાઈને પણ દર્શન કરવાનો લ્હાવો લેવાનું વધુ પસંદ કર્યુ હતું. એક તરફ શ્રાવણની સમાપ્તની સાથે સાથે જૈનોનું પર્યુષણ પર્વ પણ આવી રહ્યું છે તો મુસ્લિમોમાં પણ ઈદ આવતી હોવાથી શહેર અને જિલ્લામાં ભકિતનું અનેરૂં વાતાવરણ બન્યું છે.

જિલ્લાના પૌરાણિક શિવાલયો વાસણિયા મહાદેવ,



(તસવીર : દિપક જાની)

ધોળેશ્વર મહાદેવ, વૈજનાથ મહાદેવ (સે-૨૧), સાલડિયા મહાદેવ, બિલેશ્વર મહાદવ (નારદીપુર) કપિલેશ્વર મહાદેવ, મુખેશ્વર મહાદેવ સહિતના શિવાલયોમાં ભકતોની ભીડ વહેલી સવારથી જ જોવા મળતી હતી. ભકતો ભોળાનાથને દૂધ અને બિલી ચડાવતા નજરે પડયા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પાર્થેશ્વરની પુજાનું અનેરૂ મહત્વ હોવાથી લોકોમાં શ્રધ્ધાપૂર્વક આ પાર્થેશ્વરને પણ બિલી મોટા પાયે ચડાવી ઓમ્ નમઃ શિવાયની ધૂનના કાર્યક્રમો યોજાયા હતા.

# સોમનાથને અલગ જિલ્લો બનાવવાનો મોદીનો વિરોધીઓને પ્રથમ આંચકો

**મોદીના ભાથામાં છ નવા મ્યુનિસિપલ કોર્પોરેશન અને છ ટ્વિન સિટી ઉપરાંત સુરતને મેટ્રો ટ્રેન : જિલ્લા વિભાજનમાં મોદી શંકરસિંહના પગલે**

**(વિશેષ પ્રતિનિધિ)** ગાંધીનગર,તા.૧૩

ગુજરાતમાં કોંગ્રેસના અસર કારક કેમ્પેઈન અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની નવી પરિવર્તન પાર્ટીના કાર્યક્રમો સામે છેલ્લા બે મહિનાથી ચૂપ રહેલા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સોમનાથને નવો જિલ્લો બનાવવાની રાજકીય જાહેરાત કરી બન્ને વિરોધી મોરચાને જબરદસ્ત આંચકો આપ્યો છે.

ગુજરાતમાં ૧૯૯૫ પહેલાં ૧૯ જિલ્લા હતા. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ તેમાં છ નવા જિલ્લાનો ઉમેરો કરી દીધો હતો અને જિલ્લાઓની સંખ્યા વધીને ૨૫ કરવામાં આવી હતી, ત્યારબાદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તાપી જિલ્લાનો સમાવેશ કરતાં હાલ કુલ ૨૬ જિલ્લા અસ્તિત્વ ધરાવે છે. હવે મોદીની જાહેરાત પ્રમાણે ૨૬મી જાન્યુઆરીના દિવસે ૨૭મો જિલ્લો ગીર-સોમનાથ બનશે.

ગુજરાતમાં શંકરસિંહ વાઘેલાએ છ નવા જિલ્લા ઉપરાંત નવા તાલુકાઓ પણ જાહેર કર્યા હતા જેથી રાજ્યના ૧૮૨ તાલુકા વધીને ૨૨૫ થઈ ગયા છે. તાલુકા અને જિલ્લા વિભાજનનો આઇડિયા ગુજરાતમાં ૧૮ વર્ષ પછી કોઇ મુખ્યમંત્રીને આવ્યો હોય તેવો ૧૯૯૭માં બનેલો આ પ્રથમ કિસ્સો હતો.

મોદીના ભાથામાં આ એક તીર નહીં પણ ઘણાં બધાં તીર હોવાનો સંકેત આપતા સચિવાલયના સૂત્રોએ કહ્યું હતું કે મોદીનું હવે પછીનું મિશન કલ્પસર યોજનાના બાંધકામનો ધમાકેદાર પ્રારંભ, ગુજરાતમાં છ નવા મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ છ નવા ટ્વિનસિટીનો પ્લાન છે.

ઓક્ટોબર મહિનાના પ્રારંભમાં મોદી અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેના મેટ્રોરેલના પ્રોજેક્ટનો પ્રારંભ કરાવશે અને તેને માત્ર ત્રણ વર્ષના ટૂંકાગાળામાં પૂર્ણ કરવાનું વચન આપશે. તાજેતરમાં સુરતના એક સમારંભમાં મોદીએ અમદાવાદની જેમ સુરતમાં પણ મેટ્રો રેલ પ્રોજેક્ટ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

તેમણે કહ્યું હતું કે સુરત મ્યુનિસિપલ કમિશનરની દરખાસ્તનો રાજ્ય સરકારે સ્વીકાર કર્યો છે. આ માટેનો અભ્યાસ અહેવાલ ઝડપથી તૈયાર કરવાની સૂચના અધિકારીઓને આપવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા હવે રાજકોટમાં પણ મેટ્રોરેલની દરખાસ્ત તપાસવાની સૂચના આપી રહી છે.

મોદીના ભાથામાં એક નહીં અનેક તીર છે. ટ્વિનસિટીના કન્સેપ્ટમાં અમદાવાદ-ગાંધીનગર ઉપરાંત સુરત-નવસારી, નડીયાદ-આણંદ, કાલોલ-કાલોલ, મોરબી-વાંકાનેર, સુરેન્દ્રનગર-વઢવાણ અને ભરૂચ-અંકલેશ્વરનો સમાવેશ થાય છે. આ માટે સરકારે જીડીસીઆર સુધારવાનું તેમજ સ્વતંત્ર એજન્સી ઉભી કરવાનું નક્કી કર્યું છે. રાજ્યના અન્ય સાત શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, ઉત્તર ગુજરાતની બે નગરપાલિકા સહિત રાજ્યની આઠ નગરપાલિકાઓને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફેરવવાની દરખાસ્તને રાજ્ય સરકારે અગ્રતાક્રમ આપ્યો છે. આચાર સંહિતા પહેલાં આ નવા પ્રોજેક્ટની જાહેરાત શક્ય બનાવવામાં આવશે.

# ગાંધીનગરમાં જામ્યો વરસાદી માહોલ

**સતત બે દિવસથી ચાલુ રહેલા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી મોસમનો કુલ વરસાદ ૨૯૫ મી.મી.**

ગાંધીનગર, તા.૧૩

છેલ્લા બે દિવસથી છવાયેલા વરસાદી વાતાવરણથી ગાંધીનગરમાં અદભૂત માહોલ સર્જાયો છે. ગઈકાલે રાત્રે અને આજે આખો દિવસ સતત ઝરમર વરસાદ વરસતા વસાહતીઓને મોજ પડી ગઈ હતી. છેલ્લા ૨૪ કલાક દરમિયાન શહેરમાં ૬૯ મી.મી. વરસાદ નોંધાયો હતો.

આકાશમાં ઘેરાયેલા કાળા ડિબાંગ વાદળો વારે વારે વરસી શહેરને અદભૂત માહોલ બક્ષી રહ્યા છે. ધીમી ધારના વરસાદથી વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ છે. છેલ્લા બે દિવસમાં ચાર ઈંચથી વધુ વરસાદ વરસી જતાં ગાંધીનગર જિલ્લો અછતગ્રસ્ત વિસ્તારમાંથી બહાર આવી ગયો છે. ખૂબ રાહ જોવડાવ્યા બાદ શહેરમાં વરસાદ પડતાં વસાહતીઓ




(તસવીર : દિપક જાની)

ખુશખુશાલ બની ગયા છે. વરસાદને સૌ કોઈ ઉત્સાહથી વધાવી રહ્યા છે. ગઈકાલે આખો દિવસ ધીમી ધારે વરસાદ ચાલુ રહ્યા બાદ રાત્રે પણ બે થી ત્રણ વાર જોરદાર વરસાદી ઝાપટું પડયું હતું. આજે બપોરે પણ સારો એવો વરસાદ પડયો હતો. ગાંધીનગર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસતા ખેડૂતો વાવણી પ્રક્રિયામાં જોતરાયા છે. થોડાક દિવસ જો આવી જ રીતે સતત વરસાદ વરસશે તો ખેતીને ખુબ ફાયદો થશે. બફારા અને ગરમીની સમસ્યા આ સાર્વત્રિક વરસાદથી દુર થઈ ગઈ છે.

# સેક્ટર-૧ના તળાવમાં પાણી ભરાયું

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરના સે. ૧માં માર્ગ-મકાન



વિભાગ દ્વારા બનાવવામાં આવેલા તળાવમાં બે દિવસના વરસાદ પછી પાણી ભરાતાં લોકો આ તળાવની મજા માણવા આજે તળાવ કિનારે આવ્યા હતા.

ગાંધીનગર શહેરના આકર્ષણમાં પીકનીકસ્પોટ તરીકે આ તળાવ વિકસાવવામાં આવી રહ્યું છે. જો કે તળાવની સફાઈ ન થઈ હોવાથી તેમજ તેમાં ઉગી નીકળેલા ઘાસ અને ઝાડવા દૂર ન કરાતાં લોકોએ તે અંગે રોષની લાગણી વ્યક્ત કરી હતી. આ તળાવની વિગતો દર્શાવતુ સાઈન બોર્ડ મુકવાની વાત એક સેક્ટરના વરિષ્ઠ નાગરિકે જણાવ્યું હતું કે બધી સૂચનાઓ પાટનગરમાંથી જાય છે પણ પાટનગરમાં જ તેનો અમલ થતો નથી.

કરોડો રૂ.ના ખર્ચે વિકસાવવામાં આવી રહેલા આ તળાવની સ્વચ્છતા જાળવવા માટે પણ રહીશોએ ઉગ્ર માંગ કરી છે. શહેરમાં બે દિવસમાં પડેલા વરસાદને કારણે આ તળાવમાં પાણી આવતાં યુવાનો, વડીલો સહિત સૌ તેની મઝા લૂંટવા આવ્યા હતા.

# આવાસોની સ્થિતિ સંદર્ભે તંત્ર સફાળું જાગ્યું : ઉચ્ચ કક્ષાએથી રીપોર્ટ મંગાવાયા

**ચોમાસા દરમિયાન લીકેજીસ અને મોટામસ પોપડા ખરતા હોવાના કિસ્સા ધ્યાને આવે છે**

ગાંધીનગર, તા. ૧૩

ચોમાસા દરમિયાન શહેરના સરકારી આવાસોમાં લીકેજીસ સહિત મોટામસ પોપડા ખરતા હોવાની ભયજનક સ્થિતિ અનેકવાર પ્રકાશમાં આવી છે. થોડા સમય અગાઉ પણ ભયજનક આવાસ કડડભૂસ થવાની હકીકત ધ્યાને આવ્યા બાદ વરસાદી દિવસો શરૂ થતા શહેરમાં આવાસોની સ્થિતિ સંદર્ભે ઉચ્ચકક્ષાએથી રીપોર્ટની સમીક્ષા કરવામાં આવી રહી છે. આ માટે પાટનગરયોજના તંત્ર પાસેથી રીપોર્ટ પણ માંગવામાં આવ્યો છે.

ચોમાસામાં શહેરના સરકારી મકાનોમાં વસવાટ કરતા વસાહતીઓની હાલત ઘણીવાર દયનીય અને ભયજનક હોવાનુ ચિત્ર ઉપસી આવે છે. સેક્ટરોમાં અંદાજિત ૧૬ હજારથી વધુ વિવિધ કેટેગરીના સરકારી આવાસો છે. જ્યારે આ સરકારી મકાનોની સ્થિતિનો તાગ મેળવવા તંત્ર દ્વારા થોડા સમય અગાઉ ચાર કેટેગરીમાં સર્વે પણ હાથ ધરાયો હતો. જેના અંતે આવાસોની સ્થિતિ પુઅર ગુડ, વેરીગુડ અને એકસલન્ટ તેમ ચાર કેટેગરીમાં જુદી તારવવામાં આવી હતી. જો કે આ સઘળી કામગીરીના અંતે હાલની સ્થિતિએ રહેણાંક મકાનો પૈકી એક પણ આવાસ ભયજનક ન હોવાનુ સૂત્રો જણાવી રહ્યા છે. બીજી તરફ રહેણાંક મકાનમાં વરસાદી દિવસો દરમિયાન મોટામસ પોપડા ખરતા હોવાની ઘટનાઓ પ્રકાશમાં આવતા સર્વેની ગુણવત્તા સામે પણ અનેક સવાલો મંડરાયા છે. વરસાદી દિવસોની શરૂઆત થતા જ શહેરના સરકારી આવાસોની સ્થિતિ સંદર્ભે તો રીપોર્ટ પણ તંત્રના અધિકારીઓ પાસેથી ઉચ્ચકક્ષાએથી મંગાવાયો છે.








શ્રાવણ મહિનો તેના છેલ્લા તબક્કામાં છે. મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમોની મોસમ પુરબહારમાં ખીલી છે. શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે તો શિવાલયોનો માહોલ જોવા જેવો હતો. શિવાલયોમાં ઉમટેલા ભક્તોના ઘોડાપુરથી અદ્ભુત માહોલ સર્જાયો હતો. સેક્ટર-૨૭ના શિવશક્તિ મંદિરના પ્રાંગણમાં ભાવિકોએ ફૂલો વડે અદ્ભૂત બગીચો બનાવ્યો હતો. બગીચાની મધ્યમાં સુંદર શિવલીંગ બનાવી ભક્તોએ પોતાની આસ્થા પ્રગટ કરી હતી. ફૂલો દ્વારા બનાવાયેલી આ અદ્ભુત કલાકૃતિને નિહાળવા શ્રાવણ માસના છેલ્લા સોમવારે શ્રદ્ધાળુઓની ભીડ જામી હતી.

# સાબરમતીમાં વૉટર સ્પૉર્ટ્સનો પ્રારંભ

અમદાવાદ, તા.૧૩

શહેરની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદીના બંને કાંઠાના વિકાસ માટે હાથ ધરાયેલા સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેકટમાં તૈયાર થયેલા લોઅર પ્રોમેનાડ અને વોક વેનું લોકાર્પણ તા. ૧૫.૮.૧૨ના રોજ મુખ્યમંત્રીના હસ્તે સાંજે ૬.૦૦ કલાકે સાબરમતી રીવરફ્રન્ટ, વલ્લભસદન પાસે, આશ્રમ રોડ પાસેથી કરવામાં આવશે. વોક-વેથી શહેરીજનો માટે હરવા ફરવા આનંદ પ્રમોદ માટે નદીની પશ્ચિમ બાજુ ૭ કિ.મી. તથા પૂર્વ બાજુ ૬ કિ.મી. લંબાઈનો વિસ્તાર ઉપલબ્ધ થશે. મેયર અસીત વોરાએ જણાવ્યું હતું કે, સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ ખાતે નીચે મુજબની વોટર બેઈઝડ અને વોટર એડજસન્ટ રીક્રીએશન એક્ટીવીટીઝનો પ્રારંભ થનાર છે. મોટાભાગના રાઈડ્સના ભાવ કાંકરિયામાં ચાલતા રેટ પ્રમાણે રાખવામાં આવશે.


SPORTS AUTHORITY OF INDIA

NETAJI SUBHASH WESTERN CENTRE, SECTOR-15, GANDHINAGAR- 382016

NOTICE INVITING TENDER

Sports Authority of India, invites item wise sealed bids for the following works at its Sports Complex, Sector-15, Gandhinagar, Gujarat.

| | |
|---|---|
| 01. | Outsourcing of Horticulture maintenance and house keeping on Job contract |
| 02. | Outsourcing of Security services on Job contract |
| 03. | Annual service/maintenance contract of Air conditioners |

Terms & conditions for above works as part of the bidding documents may be obtained on cash payment of ₹ 500/- each from Account Section, Sports Authority of India, Netaji Subhash Western Centre, Sector-15, Gandhinagar on any working days (Monday to Friday) from 20-08-2012 to 10-09-2012 between 11-00 hours to 17-00 hours.

The bidding document in prescribed format along with relevant documents sealed & complete in all respect to be submitted by 10-09-2012 up to 15.00 hours. Tenders will be opened at 15-30 P.M. on 10-09-2012 in the presence of bidders present. SAI reserves the right to accept or reject any bid at any stage without assigning any reason.

Please visit our website www.nsnis.org for bidding document & further details in case of bidding documents downloaded from website cost of same to be deposited along with tender by DD drawn in favour of SAI, NSWC Gandhinagar.

Director SAI WEST







## ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર આયોજિત જોબફેર

| ક્રમ | તારીખ | સમય | સ્થળ | કંપનીનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૧૬/૮/૧૨ | ૧૧-૦૦ કલાકે | ટેક મહિન્દ્રા લી. ૪થો માળ, ટાવર નં.૪ ઈન્ફોસીટી, ઘ-૦, ગાંધીનગર | ટેક મહિન્દ્રા લી., ગાંધીનગર |
| ૨. | ૧૭/૮/૧૨ | ૧૧-૦૦ કલાકે | ટેક મહિન્દ્રા લી. ૪થો માળ, ટાવર નં.૪ ઈન્ફોસીટી, ઘ-૦, ગાંધીનગર | ટેક મહિન્દ્રા લી., ગાંધીનગર |
| ૩. | ૧૭/૮/૧૨ | ૧૨-૦૦ કલાકે | સદવિચાર પરિવાર પુનર્વાસ કેન્દ્ર ઉવારસદ, તા.જી. ગાંધીનગર (વિકલાંગો માટે ખાસ) | (૧) ઓમની લેન્સ પ્રા. લી. ગાંધીનગર (૨) ફ્લોકેમ પ્રા.લી. રકનપુર (૩) ટેક મહિન્દ્રા લી. ગાંધીનગર |
| ૪. | ૨૦/૮/૧૨ | ૧૨-૦૦ કલાકે | પ્લોટ નં. ૫૦૬/૧/૧, કોમ્યુનિટી હોલ, જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટની બાજુમાં, જીઆઈડીસી (ગેસા) એન્જિનિયરીંગ ઝોન, સેક્ટર-૨૮ ગાંધીનગર. | (૧) ટોપસન એનર્જી પ્રા. લી., ગાંધીનગર (૨) ટેક મહિન્દ્રા લી. ગાંધીનગર |
| ૫. | ૨૧/૮/૧૨ | ૧૨-૦૦ કલાકે | એસોસીએશન હોલ, પ્લોટ નં. ૬૫/૬૬, કલોલ નાગરિક બેંક કમ્પાઉન્ડ, જીઆઈડીસી કલોલ, જિ. ગાંધીનગર | (૧) ઉમા કન્વર્ઝન પ્રા. લી. સાંતેજ (૨) સ્કુઝ કાર્બન ઈલેક્ટ્રોડ્સ, પ્રા. લી., કલોલ (૨) ટેક મહિન્દ્રા લી. ગાંધીનગર |
| ૬. | ૨૨/૮/૧૨ | ૧૨-૦૦ કલાકે | ફેસેલીટી સેન્ટર, પાણીની ટાંકી/ કેન્ટીન પાસે, જીઆઈડીસી, માણસા, જિ. ગાંધીનગર | (૧) વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ, પુન્દ્રા, માણસા (૨) ટેક મહિન્દ્રા લી. ગાંધીનગર |
| ૭. | ૨૩/૮/૧૨ | ૧૨-૦૦ કલાકે | પ્લોટ નં. બી-૨૩/૨/૧ અને ૨, જીઆઈડીસી (ગેઝિયા)ની ઓફીસ ઈલેક્ટ્રોનીક્સ ઝોન, સેક્ટર-૨૫ ગાંધીનગર | (૧) સરકીટ સીસ્ટમ લી., ગાંધીનગર (૨) એપોલો હોસ્પિટલ, ભાટ |
| ૮. | ૨૪/૮/૧૨ | ૧૨-૦૦ કલાકે | જીઆઈડીસી એસોસીએશન કેન્ટીન કમ્પાઉન્ડ, વર્ધમાન હાઈસ્કૂલની પાછળ, અમદાવાદ રોડ, દહેગામ, જિ. ગાંધીનગર. | (૧) પ્રિઝીશન ઓટોવેર પ્રા. લી. (૨) એપોલો હોસ્પીટલ ભાટ. (૩) ટેક મહિન્દ્રા લી. ગાંધીનગર |
| ૯. | ૨૭/૮/૧૨ | ૧૨-૦૦ | પ્રિયા એવન્યુ, ફેઝ-૧, એસીયન મીલની બાજુમાં, જીઆઈડીસી છત્રાલ, તા. કલોલ, જી. ગાંધીનગર | (૧) મંગલમ્ એલોય, ફેઝ-૪ છત્રાસ. (૨) ડેનસ કેમ પ્રા.લી., છત્રાલ (૩) ટેક મહિન્દ્રા લી. ગાંધીનગર |

ગુજરાત રાજ્ય ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યું છે. ગાંધીનગર જિલ્લામાં નવા એકમો સ્થાપિત થઈ રહ્યા છે તથા ઔદ્યોગિક વિકાસ ઝડપથી થઈ રહ્યો છે. આ માટે સ્થાપિત કમોમાં કુશળ, અર્ધકુશળ કારીગરો, વહીવટી તથા ટેકનીકલ સ્ટાફની જરૂરિયાત અંગે સર્વે કરીને રોજગારીની દિશામાં વધુ એક સિમાચિહ્ન પહેલરૂપે સ્વામી વિવેકાનંદ યુવા રોજગાર સપ્તાહ (દ્વિતીય તબક્કો) અંતર્ગત ઔદ્યોગિક ભરતી મેળા યોજીને નોકરીદાતા તથા રોજગાર વાંચ્છુ વચ્ચે સેતુરૂપ બનીને ઉક્ત જણાવેલ તારીખે અને સ્થળોએ રોજગાર ભરતીમેળાનું આયોજન કરેલ છે.

**રોજગારવાંચ્છુ ઉમેદવારોને ફાયદાઓ :-**

ભરતી અંગેની સેવાઓ તદ્દન નિઃશુલ્ક છે. નોંધાયેલ જગ્યાઓ સહિત અન્ય જગ્યાઓ સામે રોજગીર વાંચ્છુઓને પ્રચારપત્રિકા રવાના કરવામાં આવનાર છે. જેથી મોટી સંખ્યામાં રોજગાર વાંચ્છુ ઉમેદવારો ઉપસ્થિત રહી નોકરીની પસંદગી માટે બહોળો અવકાશ મેળવશે.

નોકરીદાતાશ્રી અથવા પ્રતિનિધિશ્રી ઉકત રોજગાર ભરતીમેળાના સ્થળે ઉપસ્થિત રહીને ઉમેદવારોની પ્રિસ્ક્રુટી રહેશે. આશા છે કે, આપ સહભાગી થશો.

**વધુ માહિતી માટે હમણાં જ સંપર્ક કરો**

**જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર.**

"ડી" બ્લોક, બીજો માળ, મહાનગર સેવા સદન, પથિકાશ્રમ પાસે,
સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન: (૭૯) ૨૩૨૫૯૦૭૮/૭૯/૮૦/૨૩૨૫૭૫૭૧
ફેક્સ: ૦૭૯ - ૨૩૨૨૦૯૬૬
werbsite : www.talimrojgar.org • Email : dee-gnr@gujarat.gov.in

સહી/-
જિલ્લા રોજગારી અધિકારી
જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર

માહિતી/૧૦૪૭/૧૨-૧૩








ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com